**ઇટાલી ગણરાજ્યના નાયબ પ્રધાનમંત્રી તેમજ વિદેશ અને આંતરરાષ્ટ્રીય સહકાર મંત્રી મહામહિમ શ્રી એન્ટોનિયો તજાનીની મુલાકાત**

11 ડિસેમ્બર, 2025

ઇટાલિયન ગણરાજ્યના નાયબ પ્રધાનમંત્રી (DPM) તેમજ વિદેશ અને આંતરરાષ્ટ્રીય સહકાર મંત્રી (FM) શ્રી એન્ટોનિયો તજાનીએ 10-11 ડિસેમ્બર 2025 ના રોજ ભારતની મુલાકાત લીધી હતી. DPM તજાની સાથે ઇટાલીનું 50 સભ્યોનું સશક્ત વ્યાપારી પ્રતિનિધિમંડળ હતું. આ વર્ષે આ તેમની બીજી ભારત મુલાકાત હતી. તેમણે અગાઉ એપ્રિલ 2025 માં ભારતની મુલાકાત લીધી હતી, જે સમય દરમિયાન સૌપ્રથમ ભારત-ઇટાલી વ્યાપાર, વિજ્ઞાન અને ટેક્નોલોજી મંચનું આયોજન કરવામાં આવ્યું હતું.

2. નવેમ્બર 2025 માં જોહાનિસબર્ગમાં G20 શિખર સંમેલન દરમિયાન માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને ઇટાલિયન ગણરાજ્યના મંત્રી પરિષદના પ્રમુખ મહામહિમ સુશ્રી જૉર્જિયા મેલોની વચ્ચે થયેલી મુલાકાત બાદ DPM તેમજ FM તજાનીની આ મુલાકાત થઈ રહી છે.

3. DPM તેમજ FM તજાનીની મુલાકાત દરમિયાન, તેમણે પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી તથા વિદેશ મંત્રી, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારને મળ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ પ્રધાનમંત્રી મેલોનીને શુભેચ્છા પાઠવી અને ભારત-ઇટાલી દ્વિપક્ષીય સંબંધોના સકારાત્મક માર્ગ પર ખુશી વ્યક્ત કરી.

4. વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે DPM અને FM તજાની સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી અને દ્વિપક્ષીય સહયોગના સંપૂર્ણ વિસ્તાર પર ચર્ચા કરી. તેમણે સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજના (JSAP) 2025-29 ની પ્રગતિ પર, ખાસ કરીને વેપાર અને અર્થતંત્ર, સંરક્ષણ અને સુરક્ષા, આતંકવાદ વિરોધી કાર્યવાહી, અવકાશ, વિજ્ઞાન અને ટેક્નોલોજી, નવીનતા, નવીનીકરણીય ઊર્જા, શિક્ષણ અને લોકોથી લોકોના પરસ્પર સંબંધોના ક્ષેત્રોમાં થયેલ પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો. તેમણે વ્યાપક અને સાતત્યપૂર્ણ રીતે આતંકવાદનો સામનો કરવા માટે તેમની સંયુક્ત પ્રતિબદ્ધતાને અનુરૂપ આતંકવાદના ધિરાણનો સામનો કરવા માટે ભારત-ઇટાલી સંયુક્ત પહેલના ઝડપી અમલીકરણની આશા વ્યકત કરી હતી. ભારતે આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કર્યો. બંને પક્ષો દરિયાઇ ક્ષેત્રમાં સલામતી, સુરક્ષા અને વિકાસ માટે સહયોગ વધારવા માટે દરિયાઈ સુરક્ષા સંવાદ સ્થાપિત કરવા પર પણ કામ કરી રહ્યા છે. વિદેશ મંત્રી ડૉ. જયશંકર અને DPM તથા FM તજાનીએ ખાસ કરીને આરોગ્ય-સંભાળના ક્ષેત્રમાં કૌશલ્ય અને ગતિશીલતામાં સહયોગને વધુ મજબૂત બનાવવા પર પણ ભાર મૂક્યો હતો. તેમણે ભારત-પ્રશાંત, યુક્રેન, પશ્ચિમ એશિયા / મધ્ય પૂર્વ અને સહિયારા હિતના અન્ય પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

5. DPM તથા FM તજાનીની NSA શ્રી અજીત ડોભાલ સાથેની મુલાકાત સુરક્ષા સહયોગ તેમજ મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાઓ પર કેન્દ્રિત હતી. બંને પક્ષોએ ભારત મધ્ય પૂર્વ યુરોપ આર્થિક કોરિડોર (IMEEC) ને આગળ વધારવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

6. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે 11 ડિસેમ્બરના રોજ મુંબઈમાં DPM તથા FM તજાની સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી અને દ્વિપક્ષીય વેપાર તેમજ રોકાણને વધારવા અને વૈવિધ્યીકરણ કરવાની રીતો પર ચર્ચા કરી હતી. તેમણે ભારત-ઇટાલી વ્યાપારી મંચની અધ્યક્ષતા પણ કરી હતી. આ મુલાકાત દરમિયાન, ઑટોમોટિવ, કચરામાંથી ઊર્જા અને નવીનીકરણીય ઊર્જા, રમતગમત તકનીકો, કૃષિ-ખાદ્ય અને કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં સંખ્યાબંધ વ્યાપાર ગોળમેજી પરિષદોનું આયોજન કરવામાં આવ્યું હતું. બે મંત્રીઓએ ભારતીય યુનિકોર્નની પણ મુલાકાત કરી અને ભારત-ઇટાલી નવીનતા પહેલ પર ચર્ચા કરી હતી.

7. ભારત-ઇટાલીના દ્વિપક્ષીય સંબંધો નિયમિત ઉચ્ચ સ્તરીય સંલગ્નતા, મંત્રી સ્તરીય સંવાદો અને ખાનગી ક્ષેત્રના સ્તરે વધતી વાતચીત દ્વારા સવળી દિશામાં આગળ વધી રહ્યા છે, જેના કારણે ભારત-ઇટાલી વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત અને વૈવિધ્યસભર બની છે.

નવી દિલ્લી

11 ડિસેમ્બર, 2025